

વૈષ્ણવજન તો તેને ના કહિએ જે ધર્મના નામે કરે ધતિંગ રે

President
JP LABORATORIES, INC.
120 WOOD AVENUE
MIDDIESEX, NJ 08846
(732) 469-6670
(732) 469-6680 FAX
gnpatel@jplabs.com

વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે પીડ પરાઈ વધારે રે
સંયમ ને સદાચાર ન જાણે, જે નીચ કરે ધર્મ નાશ રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે કરે ધર્મના નામે ધતિંગ રે

પર દુઃખે જે માણે આનંદ, ને બનાવે બધાને બુધ્ધુ રે
પર સુખે જે નાખે ભાંગા, ને આજ્ઞાની કરે અભિમાન રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે સંકટનો સામનો રે

સકળ લોકને છુટથી નિંદે, જે ન માને માબાપનું રે
હરી નામે એ કરે રે હત્યા, જે બેશરમ બેઈમાન રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે આત્માનો ઉધ્ધાર રે

વાછ, કાછ, મન ન નિશ્ચળ રાખે, ને પાંખડી કરે પાપ રે
ધરમનો તે ધંધો કરે રે, ધુત ધુત જનની તેની રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, ના કરે સંતાનને સ્નેહ રે.

સ્વાર્થી, સ્વાછંદી કરે ન સેવા, ને ખાય મફતના મેવા રે
સમદ્રષ્ટી જેણે ન જાણી, પર પરણીત પર જેની આંખ રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન સાચવે શરીર રે

જીવવા થકી જે સત્ય ન બોલે, જેની નજરમાં નફરત રે
અશાંતિ ને અફવા ફેલાવે, જે માંસ મદિરામાં મસ્ત રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે સમાજની સેવા રે

મોહ ને માયામાં જે રાચે, પળ પળ બદલે જે પાટલી રે
વ્યસની, બેવફા ને વ્યભિચારી, જે સર્વ વાતમાં વહેમાય રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે પુજા પાઠ રે

રમત રમે જે રામના નામે, કરે બધામાં ભેળસેળ રે
ચોરી ને ચરબી કરે જે, સકળ દુર્ગુણ જેના મનમાંરે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે પ્રેમ ને પુરુષાર્થ રે

પુરોલોભી ને કપટી છે જે, જેની આડઈનો નહિ પાર રે
સર્વભોગી ને દયા રહિત છે, કામક્રોધ જેમાં સમાયા રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે પુણ્ય દાન રે

મોટો થવા જે મારે બધાને, ને કરે બધું રસાતાળ રે
અવીનાથી ને છે જે ઢોંગી, જે ન લે ગુરૂ જ્ઞાન રે
વૈષ્ણવજન તો તેને ના કહિએ, જે ન કરે ભૂલ કબુલ રે

આવા અધર્મીનુ ભાષણ સાંભળો તો, લાજે તમારો ધરમ રે
આવા પાપીનું પગલું પડે તો, પુણ્ય પાણ થાય પાપ રે
આવા ધુતારાને નોતરો તો, તે કાઢે તમારૂ કાસળ રે
મળે ન મોક્ષ એ અ-વૈષ્ણવને, જેને ભણે ગોરધનીનાથ રે

● ડૉ. ગોરધનીનાથજી
(મણુંદવાળા)
સોમરસેટ, ન્યુજર્સી
(યુ.એસ.એ.)

INNOVATION
IS OUR BUSINESS